
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૨૪ | ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨, રવિવાર; મહા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા

## પાકિસ્તાન-અફઘાનિસ્તાનમાં ૫.૯, ૫.૭ની તિવ્રતાનો ભૂકંપ : ભૂકંપનું કેન્દ્ર હિન્દુકુશ ક્ષેત્રમાં ૨૧૦ કિમીની ઊંડાઈમાં : ભૂકંપના ઝાટકા ભારતમાં કાશ્મીરથી લઈને રાજધાની દિલ્હીને અડીને આવેલા નોએડા સુધી અનુભવાયા


પ્રતિકાત્મક તસવીર

ઈસ્લામાબાદ, તા.૫

પાકિસ્તાનના ઈસ્લામાબાદ સહિત કેટલાંય શહેરોમાં શનિવારે ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. નેશનલ ભૂકંપ મોનિટરિંગ સેન્ટરના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્ર અફગાનિસ્તાનમાં હિન્દુકુશ ક્ષેત્રમાં ૨૧૦ કિલોમીટરની ઊંડાઈમાં હતું.

ઈસ્લામાબાદ, રાવલપિંડી, પેશાવર, નૌશેરા, ગિલગિટ, ખૈબર, દીર, એબટાબાદ, મિંગોરા, કોહાટ સહીત દેશના અન્ય ભાગોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. દેશના કોઈપણ ભાગમાંથી જાનહાનિ કે નુકસાનના કોઈ સમાચાર નથી.

ભૂકંપના આંચકા જમ્મુ-કાશમીર અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં પણ અનુભવાયા હતા. આ અગાઉ ૧૪ જાન્યુઆરીએ ઈસ્લામાબાદ અને દેશના ઉત્તારી ભાગોમાં ભૂકંપ આવ્યો હતો જેની તીવ્રતા ૫.૬ માપવામાં આવી હતી. આ મહીનાની શરૂઆતમાં પાકિસ્તાનના ઉત્તારી ક્ષેત્રોમાં ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અફઘાનિસ્તાન અને

● અનુસંધાન પાન-૭ પર

## માર્ચના અંતમાં કોરોનાની ત્રીજી લહેર ખતમ થવાનું અનુમાન

### દેશના મોટા ભાગના રાજ્યોમાં કોરોનાની ત્રીજી લહેર ધીમી પડી : મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં આ મહિનાના અંત સુધીમાં કોરોનાની ત્રીજી લહેર ખતમ થઈ શકે છે એવા આઈસીએમઆરના સંકેત

પૂણે, તા.૫

દેશમાં કોરોના વાયરસની ત્રીજી લહેર મોટાભાગના રાજ્યોમાં ધીમી પડતી જોવા મળી રહી છે. જો કે, કેરળ જેવા કેટલાંક રાજ્યોમાં હજુ આવી સ્થિતિ જોવા મળી નથી. આ દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)એ જણાવ્યું કે, દેશને ક્યારે આ ઓમિક્રોન લહેરથી છૂટકારો મળશે. આઈસીએમઆરના એડિશનલ ડિરેક્ટર જનરલ ડૉક્ટર સમીરન પાંડાએ જણાવ્યું કે, અલગ અલગ રાજ્યોમાં ત્રીજી હેર અલગ અલગ સમયે ખતમ થશે. દેશમાં માર્ચ મહિના સુધી આ ત્રીજી લહેર ખતમ થઈ શકે છે. ડૉક્ટર પાંડાએ શુક્રવારે જણાવ્યું કે, મહારાષ્ટ્ર, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં આ મહિનાના અંત સુધીમાં કોરોનાની ત્રીજી લહેર ખતમ થઈ શકે છે. તેઓએ જણાવ્યું કે, આ રાજ્યોમાં ત્રીજી લહેરનો પીક પસાર થઈ ચૂક્યો છે અને આ મહિનાના અંત સુધીમાં બેઝ લેવલ સુધી પહોંચી જશે. જ્યાં સુધી આખા દેશની વાત છે તો માર્ચ સુધીમાં ત્રીજી લહેર ખતમ થવાની આશા તજજ્ઞોને છે.

આઈસીએમઆરના મેથેમેટિકલ મોડલ મુજબ, આ રાજ્યોમાં આ મહિનાની અંદર જ કોરોનાની ત્રીજી લહેર ખતમ થઈ જશે.

આઈસીએમઆર અને ઈમ્પિરિયલ કોલેજ લંડન તરફથી બનાવવામાં આવેલા આ ક્રોમિક મોડલ મુજબ, દેશમાં આ વર્ષે માર્ચ મહિનાના મધ્ય સુધીમાં કોરોના એન્ડેમિક સ્ટેજ પર પહોંચી શકે છે.

ડૉક્ટર પાંડાએ જણાવ્યું કે, મહામારી હવે સ્થિરતા તરફ આગળ વધી રહી છે. તેઓએ કહ્યું કે, જો કોરોના વાયરસ (સાર્સ કોવ-૨)નો ભવિષ્યમાં કોઈ ખતરનાક વેરિઅન્ચ સામે નહીં આવે તો બધુ જ કંટ્રોલમાં આવી શકે છે. એપિડેમિક એન્ડેમિક સ્ટેજમાં પહોંચ્યુ હોવાના સંકેત હાલ મળી રહ્યા છે.

તેઓએ આગળ જણાવ્યું કે, જે રાજ્યો અને જિલ્લાઓમાં જાન્યુઆરીની શરૂઆતમાં સૌથી વધુ કેસ આવી રહ્યા હા, હવે ત્યાં ધીરે ધીરે સંક્રમણમાં

● અનુસંધાન પાન-૭ પર

## લતાજીની તબિયત ફરી લથડી

દિગ્ગજ ગાયિકા લતા મંગેશકર છેલ્લા ૨૭ દિવસથી હોસ્પિટલમાં દાખલ છે. કોરોના અને ન્યૂમોનિયા થઈ જતાં લતા મંગેશકરને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લતા મંગેશકરના સ્વાસ્થ્યને લઈને મહત્વની જાણકારી સામે આવી છે. લતા મંગેશકરની તબિયત ફરી લથડી છે. તેમને ફરીથી વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યા છે. તબીબો લતા દીદીના સ્વાસ્થ્ય પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે. લતા મંગેશકરની સારવાર કરી રહેલા ડૉ. પ્રતીત સમદાનીનું કહેવું છે કે, તેમની તબિયત નાજુક છે.

## કેન્દ્રીય કર્મીચારીઓ અને પેન્શનર્સનું ૩ ટકા મોંઘવારી ભથ્થું વધશે : માર્ચમાં જાહેરાત

નવી દિલ્હી, તા.૫

કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ખુશ ખબર આવી છે. લાંબી રાહ જોયા બાદ મોંઘવારી ભથ્થામાં ૩%નો વધારો નક્કી થઈ ગયો છે. હવે કર્મચારીઓ અને પેન્શનર્સને ૩૪% ના હિસાબે મોંઘવારી ભથ્થુ મળશે.

ઔદ્યોગિક શ્રમિકો માટે ગ્રાહક ભાવ સૂચકાંકના ડિસેમ્બર ૨૦૨૧ના સૂચકાંકમાં એક સંખ્યાઓની અછત થઈ છે. મોંઘવારી ભથ્થા માટે ૧૨ મહિનાનો સરેરાશ સૂચકાંક ૩૪.૦૪% (મોંઘવારી ભથ્થું) ની સરેરાશ સાથે ૩૫૧.૩૩ છે. જો કે, મોંઘવારી ભથ્થું હંમેશા પૂર્ણાંકમાં આપવામાં આવે છે. એટલે કે, જાન્યુઆરી ૨૦૨૨ થી, કુલ મોંઘવારી ભથ્થું ૩૪% નક્કી કરવામાં આવ્યું છે.

આ સમયે કર્મચારીઓને ૩૧% મોંઘવારી ભથ્થુ પહેલાથી મળી રહ્યુ છે પરંતુ જાન્યુઆરી ૨૦૨૨થી ૩% અને મોંઘવારી ભથ્થાનુ ફાયદો મળશે. સાતમા પગાર પંચની ભલામણ અનુસાર બેઝિક સેલરી પર જ મોંઘવારી ભથ્થાની ચૂકવણી કરવામાં આવે છે. આશા છે કે માર્ચમાં આનુ એલાન થઈ શકે છે.

**શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર**

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરના સર્વે આજીવન સભ્યશ્રીઓને જણાવવાનું કે, **સમાજની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૦-૦૨-૨૦૨૨ ને રવિવારના રોજ સવારે ૦૯:૦૦ વાગે બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર** ખાતે મળશે. જેમાં માનવંતા આજીવન સભ્યશ્રીઓને સમયસર પધારવા વિનંતી છે.

**કાર્યસૂચિ :-**

(૧) શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરમાં અવસાન પામેલ સ્વજનોને શ્રધ્ધાંજલિ.
(૨) ગતસામાન્યસભાની બેઠકની મીનીટસ વાંચી તેને મંજૂર કરવા બાબત.
(૩) વાર્ષિક ઓડીટ હિસાબોના સરવૈયા રજૂ કરી બહાલી આપવા બાબત.
(૪) વર્ષ ૨૦૧૧થી આજ દિવસ સુધી રહેલ હોદ્દેદારો સાથેની આખી કારોબારી વિખેરવાની જાહેરાત ગત તા.૧૮-૧૨-૨૦૨૧ની કારોબારીમાં કરવામાં આવેલ હોઈ, પ્રમુખશ્રીના ઉદભોદન સાથે નવા પ્રમુખ અને કારોબારી સભ્યશ્રીઓની રચના કરવા બાબત.
(૫) પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે.

**પિનાકીન રાવલ** પ્રમુખ | **નરેશ દવે** મહામંત્રી | **નરેન્દ્ર વ્યાસ** ખજાનચી

**ખાસ નોંધ :-**

(૧) નોન કોરમ સભા અડધા કલાક બાદ સભાના નિયત સ્થળે જ હાજર રહેલ સભ્યોથી એજન્ડા પરનું સભાનું કામકાજ પૂરૂં કરશે.
(૨) વાર્ષિક હિસાબોની નકલ શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રાખવામા આવેલ આજીવન સભ્યશ્રીઓને જોવા માટે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૩૦ મળી શકશે અને તેની કોપી સ્થળ ઉપર આપવામાં આવશે.

## રામાનુજાચાર્યની ૨૧૬ ફૂટ ઊંચી પ્રતિમાનું મોદી દ્વારા અનાવરણ

નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હૈદ્રાબાદના પ્રવાસે પહોંચ્યા છે. અહીં તેમણએ ૧૧ મી સદીના



ભક્તિ સંત શ્રી રામાનુજાચાર્યની સ્મૃતિમાં ૨૧૬ ફૂટ ઉંચા 'સ્ટેચ્યૂ ઓફ ઈલેક્ટિલિટી' નું અનાવરણ કર્યું હતું. અહીં યજ્ઞશાળામાં પહોંચીને પૂજા-અર્ચના કરી હતી.

કાર્યક્રમમાં મોદીએ કહ્યું, "અમે બેવડી વ્યૂહરચના પર કામ કરી રહ્યા છીએ. એક તરફ અમે જળ સંરક્ષણ દ્વારા નદીઓને જોડીને મોટા વિસ્તારને સિંચાઈ હેઠળ લાવી રહ્યા છીએ. તો બીજી તરફ, અમે ઓછા સિંચાઈવાળા વિસ્તારોમાં પાણીના ઉપયોગની ક્ષમતા માટે માઈક્રો ઈરિગેશન પર ભાર મુકી રહ્યા છીએ. મોદીએ કહ્યું, "અમે આગામી થોડા વર્ષોમાં પામ ઓઈલ સેક્ટરને ૬.૫ લાખ હેક્ટર ખેતીની જમીન સુધી વિસ્તરણ કરવા માંગીએ છીએ. અમે હાલમાં ખાદ્ય સુરક્ષા અને પોષણ સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમે છેલ્લા સાત વર્ષમાં વિવિધ પ્રકારના પાક ઉગાડ્યા છે."

પીએમએ ICRISATના સંશોધકોને કહ્યું કે આ સંસ્થાનો પાંચ દાયકાનો અનુભવ છે. આ પાંચ દાયકાઓમાં તમે ભારત સહિત વિશ્વના મોટા ભાગમાં કૃષિ ક્ષેત્રને મદદ કરી છે. તમારા સંશોધન, તમારી ટેકનોલોજીએ મુશ્કેલ પરિસ્થિતિઓમાં ખેતીને સરળ અને ટકાઉ બનાવી છે.

મોદીએ કાર્યક્રમમાં કહ્યું, "ભારતમાં ૮૦-૮૫ ટકા ખેડૂતો નાના ખેડૂતો છે. આ નાના ખેડૂતો માટે આબોહવા પરિવર્તન એક મોટી સમસ્યા બની જાય છે. ભારતે ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરોનું લક્ષ્ય નક્કી કર્યું છે.

**પ્લોટ વેચવાનો છે**
૬૨૮ ચો.વાર,
કેવટ સોસાયટી,
કે. રાહેજા રોડ,
કોબા
મો. : ૯૯૨૦૦૩૬૮૭૧

**બેસણું**



અમારા પિતાશ્રી
**સ્વ. સુમતીલાલ ચીમનલાલ વખારીયા** નું તા.૦૪-૦૨-૨૦૨૨ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૦૬-૦૨-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી ભરતચક્રી ભક્તિ ખંડ, જૈન દેરાસરના પરિસરમાં, ૧૭/૨૨ બસ સ્ટોપ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર. મો.૯૪૦૯૨ ૮૫૬૩૦

ગં.સ્વ.ઈન્દુબેન સુમતીલાલ વખારીયા
રાકેશભાઈ સુમતીલાલ વખારીયા (પુત્ર)
સંદીપભાઈ સુમતીલાલ વખારીયા (પુત્ર)
રસજ્ઞાબેન નિખિલકુમાર વખારીયા (પુત્રી)
મૌલીકભાઈ સુમતીલાલ વખારીયા (પુત્ર)
ચીનુભાઈ ચીમનલાલ વખારીયા (ભાઈ)
સ્વ. ચંદ્રકાન્તભાઈ ચીમનલાલ વખારીયા (ભાઈ)
પ્રશાંત ચીનુભાઈ વખારીયા (ભત્રીજા)
ધવલ ચંદ્રકાન્તભાઈ વખારીયા (ભત્રીજા)
નિખિલકુમાર અમરીશભાઈ વખારીયા (જમાઈ)

